# કેમેરા પર્સન / કેમેરા મેન

કેમેરા પર્સન ફિલ્મ અથવા ટીવી શો માટે કેમેરા વડે દ્રશ્યો અંકિત કરવા માટે ફિલ્મ અથવા વિડીયો કેમેરા ચલાવવામાં નિષ્ણાત છે. તેઓ પ્રોફેશનલ્સ કેમેરા ટીમના સભ્ય તરીકે, એક વિડીયો કંપની તરીકે, ફિલ્મ વ્યાવસાયિક તરીકે અથવા સ્વતંત્ર રીતે કામ કરી શકે છે અને વિવિધ પ્રકારના ગ્રાહકોને પોતાની સેવાઓ આપી શકે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમને ઉપકરણો સાથે કામ કરવાનું પસંદ છે
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે જૂથ/ટીમમાં સહજ રીતે કામ કરી શકો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૪,૦૦૦ થી ૨૪,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. માસ મીડિયા / ફિલ્મ અધ્યયન / ફિલ્મ નિર્માણમાં સ્નાતકની ડિગ્રી (BSc.) પૂર્ણ કરો. ત્યારબાદ માસ કોમ્યુનિકેશન / ફિલ્મ અધ્યયનમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કેમેરા પર્સનનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૮,૪૧૭ થી ૧,૬૭,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Job=Cameraman/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ફિલ્મ/વિજ્ઞાપન/ટીવી પ્રોડક્શન સેટ, મીડિયા હાઉસ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમારા કામના કલાકો સામાન્ય રીતે ટીવી શો અથવા તમારી ટીમ જે ફિલ્મ પર કામ કરી રહી છે તેના શૂટીંગના કલાકો પર નિર્ભર રહેશે. તે સામાન્ય રીતે પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક હોય શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક કેમેરામેન → મૂવી કેમેરામેન → હેડ કેમેરા ઓપરેટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ માસ કોમ્યુનિકેશન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

### સરકારી સંસ્થાઓ

૧. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયા, પુણે
૨. એસ.આર.એફ.ટી.આઈ., કોલકાતા
૩. ગવર્મેન્ટ ફિલ્મ અને ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ, બેંગલુરૂ
૪. નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઇન (એન.આઈ.ડી.), અમદાવાદ
૫. નીફટ (એન.આઈ.એફ.ટી.), ગાંધીનગર

### ખાનગી સંસ્થાઓ

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. માઈકા (એમ.આઈ.સી.એ.) અમદાવાદ
૨. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, નોઈડા
૩. રાયતબહરા યુનિવર્સિટી, મોહાલી, પંજાબ
૪. એફ.એ. સ્કૂલ ઓફ મીડિયા એન્ડ ફિલ્મ્સ, મુંબઈ
૫. એમ.વી. મીડિયા ઇન્સ્ટિટ્યુટ, લખનૌ
૬. વ્હિસલિંગ વુડ્સ ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ ફિલ્મ્સ (ડબલ્યુ.ડબલ્યુ.આઈ.), મુંબઈ
૭. એલ. વી. પ્રસાદ ફિલ્મ અને ટીવી એકેડમી, ચેન્નાઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

### ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

### ઓનલાઈન અભ્યાસક્રમો

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc21_hs17/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કેમેરા પર્સન, કેમેરામેન, કેમેરા ઓપરેટર



મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**સંતોષ સિવાન,** ઇન્ડિયન સોસાયટી ઑફ સિનેમેટોગ્રાફર્સના સ્થાપક સભ્ય છે, અને ભારતમાં ફોટોગ્રાફીના સૌથી પુરસ્કૃત નિર્દેશક છે. તેઓ મીર ઈવાનિયોસ કોલેજમાંથી સ્નાતક થયા અને ત્યારબાદ, ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયામાંથી સ્નાતકની પદવી હાંસલ કરી અને ૪૫ ફીચર ફિલ્મો અને ૪૧ ડોક્યુમેન્ટ્રી પૂર્ણ કરી. તેમણે પાંચ રાષ્ટ્રીય પુરસ્કારો જીત્યા છે અને વર્ષ ૨૦૧૪માં ભારતીય સિનેમામાં તેમના યોગદાન માટે તેમને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા.*

સ્રોત : https://www.moviecrow.com/interviews/91/interview-with-santhosh-sivan

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.